

૨૭મું જ્ઞાનસત્ર, સુરત
૨૧-૨૨-૨૩ ડિસેમ્બર ૨૦૧૨

વીર નર્મદ યુનિ. ખાતે યોજાયેલા જ્ઞાનસત્રની ઉપલબ્ધિ સાહિત્યનું સંવર્ધન કરતા લેખકો-કવિઓની સંખ્યા વધી

સુરત, તા.૨૨

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સુચિત ગુજરાતી ડિપાર્ટમેન્ટના ઉપક્રમે યોજાયેલા ગુજરાતી સાહિત્ય પરીષદના ૨૭માં જ્ઞાનસત્રમાં આજે દ્વિતિય દિવસે છેલ્લા બે વર્ષ દરમિયાન ગુજરાતી ભાષામાં વિવિધ સાહિત્યના પ્રકારોનું સરવૈયુ રજૂ કરવામાં આવ્યું હતુ અને તેના પર ગહન ચર્ચા કરવામાં આવી હતી. સાથોસાથ યુનિ.ના એચ.આર. ડિપાર્ટમેન્ટમાં ગુજરાતી સાહિત્ય પર આધારિત પુસ્તકોનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતુ.

આજે સવારે યુનિ.ના કન્વેન્શન સેન્ટર ખાતે ગુજરાતી સાહિત્ય પરીષદના ૨૭માં જ્ઞાનસત્રની પાંચમી બેઠક મળી હતી. જેમાં છેલ્લા બે વર્ષ દરમિયાન રજૂ થયેલા ગુજરાતી સાહિત્યના વિવિધ પ્રકારોનું સરવૈયુ રજૂ કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં અધ્યક્ષસ્થાને દિપક મહેતા ઉપસ્થિત રહયા હતા. જ્યારે કવિતા ક્ષેત્રનું સરવૈયું અજયસિંહ ચૌહાણે, નાટ્ય ક્ષેત્રના સરવૈયાની રજૂઆત શૈલેષ ટેવાણીએ, વિવેચનનું સરવૈયું પારુલબેન દેસાઈએ, ચરિત્ર-સાહિત્યની રજૂઆત સંધ્યાબેન ભટ્ટે, અનુવાદ વિભાગની રજૂઆત રૂપાબેન શેઠે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કીર્તિદાબેન શાહે કર્યું હતું. જ્ઞાનસત્રની આજની પ્રથમ બેઠકમાં બે વર્ષના રજૂ કરાયેલા સરવૈયા પરથી એવું અનુભવાયું હતું કે ગુજરાતી સાહિત્યને વિવિધ પ્રકારોએ જતન, સંવર્ધન કરતા નવાંગતુક લેખકો, કવિઓ, સાહિત્યકારો વગેરેની સંખ્યાઓ વધી રહી છે એ સૂચવે છે કે ગુજરાતી પ્રત્યેનો લગાવ પ્રાદેશિક સાહિત્યકારોને કંઈક નવીન રચના માટે સતત આકર્ષિત કરી રહયો છે.

આજે જ્ઞાનસત્રની બેઠક સાથે યુનિ. કેમ્પસમાં આવેલા એચ.આર. ડીપાર્ટમેન્ટમાં ગુજરાતી સાહિત્યને ઉજાગર કરતા પુસ્તકોનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. પ્રદર્શનમાં ગુજરાતી સાહિત્યના દુર્લભ પુસ્તકો જોવા મળતા ગુજરાતી ભાષાના અધ્યાપકો તેમજ તાલિમાર્થીઓમાં ભારે આકર્ષણ જોવા મળ્યું હતું. આ પ્રદર્શનમાં ગુજરાતી ભાષાનાં સાહિત્ય પ્રકાશિત કરી રહેલા ૧૮ પ્રકાશકોએ પોતાના પુસ્તકો મૂક્યા છે.મોડી રાત્રે સાડા આઠ વાગ્યે યુનિ.ના કન્વેન્શન હોલ ખાતે જ્ઞાનસત્રની ૭મી બેઠક યોજાઈ હતી. જેમાં ઓપચારિકતા બાદ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. આ સમારોહમાં મ્યુનિ. કમિશનર મનોજકુમાર દાસ મુખ્યમહેમાન તરીકે અને ગુજરાતી સાહિત્ય અકાદમીના મહાપાત્ર હર્ષદ ત્રિવેદી તેમજ સૌરભ દેસાઈ ઉપસ્થિત રહયા હતા. યુનિ.ના વિવિધ ડિપાર્ટમેન્ટસ તેમજ સાહિત્યના તજજ્ઞોએ પોતાની રચનાઓ-કૃતિઓ રજૂ કરીને શ્રોતાઓને મનોરંજન પીરસ્યું હતું.

વધુમાં આવતીકાલ તા.૨૩મીએ જ્ઞાનસત્રની પૂર્ણાહૂતિ યોજાશે. પૂર્ણાહૂતિ પહેલા સવારે ૯થી૧૧માં સાહિત્ય સ્વરૂપ નવલકથા અને સમકાલિન નવલકથાના મુદ્દા પર આઠમી બેઠક યોજાશે જેમાં અધ્યક્ષ તરીકે ઈલા આરબ મહેતા ઉપસ્થિત રહેશે જ્યારે વક્તા તરીકે યોગેન્દ્ર વ્યાસ (ભાષાકર્મ), ભરત મહેતા (સ્થિત્યંતરઃ સામગ્રીલક્ષી) અને ગુણવંત વ્યાસ (સ્થિત્યંતરઃ સ્વરૂપ લક્ષી) મર્મ સમજાવશે. આ સભાનું સંચાલન યોગેશ જોષી કરશે.

એ પછી ૧૧થી૧ દરમિયાન નવમી બેઠક યોજાશે જે દક્ષિણ ગુજરાતની લોક કથાઓ પર આધારિત હશે. જેમાં લોકકથાઓનું સ્વરૂપ જયાનંદ જોષી રજૂ કરશે, ધોડિયા અને ચૌધરી લોકકથાઓ પર વિક્રમ ચૌધરી પ્રકાશ પાડશે અને કુંકણા લોકકથાઓ પર ડાહ્યાભાઈ વાઢુ પ્રકાશ પાડશે. બપોરે ૧થી ૧.૩૦ દરમિયાન પૂર્ણાહુતિ કાર્યક્રમ યોજાશે જેમાં પ્રમુખ સ્થાને સાંસ્કૃતિક સચિવ ભાગ્યેશ જહા ઉપસ્થિત રહેશે.

આજે ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૭માં જ્ઞાનસત્રની પૂર્ણાહુતિ કરાશેઃ માનવ સંસાધન ડિપાર્ટમેન્ટ ખાતે પુસ્તક પ્રદર્શન યોજાયું

૪૫૧, મિલેનિયમ અને કોહિનૂર માર્કેટમાં બે વેપારીને ત્યાં આવકવેરાના દરોડા

સુરત, તા.૨૨

આયકર વિભાગે આજે કાપડ માર્કેટના ચાર વેપારીઓને ત્યાં સર્વેની કાર્યવાહી શરૂ કરી હતી. મોડી સાંજે શરૂ કરવામાં આવેલી કાર્યવાહી મોડી રાત સુધી જારી રહી હતી. જેમા વિભાગે મોટાપાયે વાંધાજનક દસ્તાવેજો જપ્ત કરી તપાસ આદરી છે. તપાસ બાદ અહીથી મોટી રકમની કરચોરી પકડાય તેવી આશંકા વિભાગ વ્યક્ત કરી રહ્યુ છે.

આયકર વિભાગના સુત્રો પાસેથી જાણવા મળેલી માહિતી મુજબ રેંજ-૨ દ્વારા એડિશ્નલ કમિશ્નર અમરજીત સિંહના નેતૃત્વમાં રિંગરોડ સ્થિત કાપડ માર્કેટમાં ૪૫૧ માર્કેટના એક, મિલેનીયમ માર્કેટના એક, અને કોહિનૂર માર્કેટમાં દુકાન ધરાવતા બે વેપારીઓ સહિત કુલ ચાર વેપારીઓને ત્યાં સર્વે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. વિભાગની કાર્યવાહી મોડી રાત સુધી જારી રહી હતી. જેમા ખરીદી -વેચાણ અને જોબવર્ક સહિતના કેટલાક દસ્તાવેજો જપ્ત કર્યા હતા. જેની તપાસ જારી છે, તપાસ બાદ મોડી રકમની કરચોરી પકડાય તેવી આશંકા જણાઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છેકે આયકર વિભાગ દ્વારા હાલ એડવાન્સ ટેક્સ ઓછુ ભરનારાઓ સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેને પગલે કાપડ વેપારીઓને ત્યાં તપાસ શરૂ કરવામાં આવી છે. આગામી દિવસોમાં પણ વિભાગ ટેક્સ ઓછુ ભરનારાઓ સામે વધુ કડક કાર્યવાહી કરે તેવી આશંકા છે.

કળિયુગમાં શ્રીકૃષ્ણને જન્મ લેવો છે, શું આપણામાં કોઈ માતા દેવકી હોય શકે ?
આવનારા બાળકના ભવિષ્યને જન્મ પહેલાં જ નિર્ધારીત કરતું જ્ઞાન
શ્રીમદ ભગવદ્દગીતા આધારિત
ગર્ભસંસ્કાર
સેમિનાર
Dr. Krunal Kosada
લિમિટેડ એન્ટ્રી માત્ર ૧૦૦ કપલ
તારીખ : 27/12/2012 સમય : સાંજે 7 કલાકે
સ્થળ : ઓડીટોરીયમ, સાયન્સ સીટી સેન્ટર, સીટીલાઈટ રોડ, સુરત
ફ્રી એન્ટ્રી
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો
સંવેદના
Clinic Add.: 304, [illegible], આનંદમહલ રોડ, સુરત.
Ph.: (0261) 2797877, 9879061979

અડાજણ આનંદમહેલ રોડ પર શાંતિવિલા રો-હાઉસમાં રૂપિયા ૨.૬૪ લાખની ચોરી

સુરત, તા.૨૨

અડાજણ આનંદમહલ રોડ પર આવેલા શાંતિવિલા રો-હાઉસના ઘરનંબર ૧૮માંથી ગઈ રાત્રિ દરમિયાન તસ્કરો સોનાના દાગીના તથા રોકડા રૂ. ૬૫ હજાર મળીને કુલ રૂ. ૨.૬૪ લાખની મત્તાની ચોરી કરીને નાસી ગયાની ફરીયાદ રાંદેર પોલીસના ચોપડે નોંધાઈ છે.

રાંદેર પોલીસ મથકના સુત્રો દ્વારા જાણવા મળતી વિગતો મુજબ, અડાજણ આનંદ મહલ રોડ પર સ્નેહ સંકુલવાડી નજીક શાંતિવીલા રો-હાઉસના ઘરનં.૧૮માં રહેતાં નિલેશ ચંપકભાઈ ભૂતવાળા પાલનપુરા પાટીયાના પુનિતનગર શોપિંગ સેન્ટરમાં નિલેશ મેડિકલ સ્ટોર્સના નામે દવાની દુકાન ધરાવે છે. ગઈ રાત્રિ દરમિયાન તસ્કરો તેમના ઘરમાં ઘૂસીને કબાટમાંથી સોનાના દાગીના તથા રોકડા રૂ.૬૫ હજાર મળીને રૂ.૨.૬૪ લાખની મત્તાની ચોરી કરી નાસી ગયા હતાં. જોકે, રાંદેર પોલીસે સ્થળ પર તપાસ કરતાં દરવાજા તોડાયા નથી કે તેને ખોલવા માટે બળ પ્રયોગ થયો હોય તેવું જણાયું નથી. તે ઉપરાંત જે કબાટમાંથી દાગીના તથા રોકડ રકમની ચોરી થઈ છે તેજ રૂમમાં નિલેશ અને તેમના પરિવારના સભ્યો સૂતા હતાં. જેથી આ ચોરી કોઈ જાણભેદુએ કરી હોવાનું પોલીસ માની રહી છે.

તસવીર : પ્રદીપ ગોહિલ

સુરત રેલવે સ્ટેશને કોઢ ઉંદરોનો ત્રાસ દૂર કરવા પેસ્ટ કંટ્રોલની કાર્યવાહી

સુરત, તા. ૨૨

વેસ્ટર્ન રેલવેના મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન બાદ મહત્તવના ગણાતા સુરત રેલવે સ્ટેશન ખાતે ઉંદરોનો ત્રાસ અસહ્ય બનતો જાય છે. ટ્રેક નજીક દર બનાવી રહેતા ઉંદરોના કારણે જમીનમાં પોલાણ સર્જાતુ હોવાથી મોટા અકસ્માતનો ભય સુરતના માથે ટોળાય રહ્યો છે. સુરત સ્ટેશન ખાતે ઉદભવેલી આ સ્થિતિ વચ્ચે સફાળા જાગેલા રેલવે તંત્રએ ગંદકી ફેલાવવાની સાથે ટ્રેકની જમીનમાં નુકશાન પહોંચાડી રહેલા ઉંદરોનો નાશ કરવા માટે આજથી પેસ્ટકંટ્રોલની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

મુસાફરોની અવર જવરથી અવીરત પણ ધમધમતા સુરત રેલવે સ્ટેશન ખાતે છેલ્લા કેટલાક વર્ષોથી ઉંદરોનો નાશ કરવો તંત્ર માટે માથાના દુખાવા સમાન બાબત બની ગઈ છે. સુરત શહેર ઔદ્યોગિક નગર હોવાથી માલસામાનની પણ મોટાપાયે હેરાફેરી કરવામાં આવતી હોય છે. જે ઉંદરો દ્વારા બગાડવામાં આવતી હોવાની ફરીયાદો વારંવાર સાંભળવા મળે છે. હાલ સુરત રેલવે સ્ટેશન ખાતે કોઢ ઉંદરોની સંખ્યા અગણીત છે. જે કિંમતી માલસામાન ઉપરાંત ટ્રેકની નજીક દર પાડતા હોવાથી જોખ્મી સ્થિતિ ઉદભવી છે.

સ્ટેશનના દરેક પ્લેટફોર્મ તેમજ રેલવેની હદના વિસ્તારમાં ઠેક ઠેકાણે મોટા કોઢ ઉંદરોના દર જોવા મળી રહ્યા છે. ટ્રેક નજીક દર હોવાથી ટ્રેકની નીચેની જમીનમાં પોલાણ થઈ રહ્યુ છે. રોજ આજ ટ્રેકો પરથી સેંકડો ટ્રેનો પસાર થતી હોય મોટો અકસ્માત સર્જાય તેવી સ્થિતિ ઉદભવી છે.

જે બાબતને ધ્યાનમાં લઈ સુરત રેલવેના અધિકારીઓએ સ્ટેશન ખાતે આજથી પેસ્ટકંટ્રોલની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

આ અંગે વધુમાં મળતી માહિતી મુજબ સુરત રેલવે સ્ટેશન તેમજ કેમ્પસમાં મોટા કોઢ ઉંદરના દર જોવા મળી રહ્યા છે. ઉંદરોના દરના કારણે પોલાણ થતુ હોવાથી તેના સમારકામ પાછળ પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ થઈ રહ્યો છે. અને મોટી દુર્ઘટનાનો ખતરો રહેલો છે. ઉપરાંત સુરતમાં ભુતકાળમાં ખાનાખરાબી સર્જનારી પ્લેગની મહામારી ઉંદરના કારણે સર્જાય હતી. આમ ઉંદરો રોગ ફેલાવવાનું નિમિત બનતા હોવાથી સમગ્ર બાબતને ગંભીરતાથી લઈ રેલવે તંત્રએ ઉંદરોનો નાશ કરવાની કામગીરી હાથ ધરી નજીકના દિવસોમાં સુરત સ્ટેશનને ઉંદરોના ત્રાસ માંથી મુક્ત કરવાનું અભિયાન હાથ ધરવાનું નક્કી કર્યુ છે.

મોડે મોડે પણ જાગેલા રેલવે તંત્રએ પ્લેટફોર્મ અને ટ્રેકની નીચે મોટાં દર બનાવી જોખમ ઊભા કરતાં કોઢ ઉંદરોનો નાશ કરાશે

ડિપ્લોમા એન્જિનિયરો માટે ખુશીના સમાચાર

ટૂંક સમયમાં ઘરે બેઠા કરી શકાય તેવા ડિગ્રી ઈજનેરીના કોર્સ શરૂ થશે

સુરત, તા.૨૨

ડિપ્લોમા ઈજનેરીનો અભ્યાસ કર્યા બાદ સંજોગોવસાત ઈજનેરીનો વધુ આગળ અભ્યાસ નહીં કરી શકતા યુવાનો માટે ખુશીના સમાચાર એ છે કે ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (એ.આઈ.સી.ટી.ઈ.) ટૂંક સમયમાં જ ઘરે બેઠા થઈ શકે તેવા (કોરસપોન્ડન્સ કોર્સ) ડિગ્રી ઈજનેરીના અભ્યાસક્રમો શરૂ કરવાની યોજના અમલમાં મૂકશે. એઆઈસીટીઈના આ નિર્ણયને પગલે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રમાં એક નવા યુગનો આરંભ થશે.

આજરોજ કેન્દ્રના એચ.આર. મિનિસ્ટર એમ.એમ. પલ્લમ રાજુ અને એ.આઈ.સી.ટી.ઈ.ના ચેરમેન એસ.એસ. મંથા તેમજ અન્ય અધિકારીઓ વચ્ચે એક મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં દેશભરમાં આવેલી ટેકનિકલ એજ્યુકેશન ક્ષેત્રની સંસ્થાઓની ગુણવત્તાની નિરંતર ચકાસણી થઈ શકે તે માટે ઈન્ડિયન બોર્ડ ઓફ એક્રેડિટેશન (આઈ.બી.એ.) લૉંચ કરવા અંગે નિર્ણય લેવાયો હતો. તદ્ઉપરાંત ટૂંક સમયમાં ડિગ્રી ઈજનેરીના કોરસપોન્ડન્સ કોર્સ શરૂ કરવાની યોજનાઓ પર પણ વિચાર વિમર્શ કરાયો હતો. ડિપ્લોમા ઈજનેરીનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ સંજોગોવસાત રેગ્યુલર ડિગ્રી ઈજનેરી અભ્યાસ નહીં કરી શકેલા ઉમેદવારો અગર તો નોકરી સાથે ડિગ્રી ઈજનેરીનો કોર્સ કરવા માંગતા નોકરીયાતો ઘરે બેઠા ટેકનિકલ કોર્સ કરી શકે તે માટેની યોજના આગામી એકાદ બે મહિનામાં શરૂ કરવામાં આવશે. પરંતુ, ડિગ્રી ઈજનેરીના આ કોર્સમાં પ્રવેશ માટે પ્રવેશ પરીક્ષા આપવી પડશે અને કેટલાક ચોક્કસ પ્રકારના નીતિ નિયમોનું પાલન કરવું પડશે.એ.આઈ.સી.ટી.ઈ.ના ચેરમેન એસ.એસ. મંથાએ વધુમાં જણાવ્યું હતું કે કાઉન્સિલ માત્ર મેડીસીન અને આર્કિટેક્ચરને બાદ કરતા બાકીના તમામ પ્રકારના અભ્યાસક્રમો રેગ્યુલર સાથે કોરસપોન્ડન્સથી પણ કરી શકાય તેવી વ્યવસ્થા વિકસાવવામાં આવી રહી છે. હાલમાં એ.આઈ.સી.ટી.ઈ.એ ફક્ત એમ.બી.એ., એમ.સી.એ. અને બી.સી.એ. જેવા કોર્સને જ કોરસપોન્ડન્સથી થઈ શકે તેવી મંજૂરી આપી છે.

ડિપ્લોમા ઈજનેરી કર્યા પછી નોકરી સાથે ભણવા માગતા હજારો ઉમેદવારો માટે ઓલઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન ટૂંક સમયમાં કોરસપોન્ડસ ડિગ્રી ઈજનેરી કોર્સ શરૂ કરશે

બીલીમોરાના પોંસરી ગામ અને કામરેજના આખાખોલ ગામમાંથી દારૂનો જથ્થો પકડાયો

પોંસરી ગામે હોડીમાં દારૂ આવ્યો હતો. દારૂ લઈને નાસી છૂટેલા છ બુટલેગરો વોન્ટેડ, આખાખોલ પાસેથી ફ્રન્ટીમાં દારૂ લઈ જતા બે પકડાયા

સુરત, તા.૨૨

આજે પોંસરીગામે આરઆર સેલે છાપો મારી પરપ્રાંતિય બનાવટના દારૂ અને એકટીવા મળી રૂ૫૬ હજારથી વધુના મુદ્દામાલ સાથે એક બુટલેગરને પકડી પાડ્યો હતો. જ્યારે આ દારૂ લેવા માટે આવેલા છ જણાને વોન્ટેડ જાહેર કર્યા હતા. જ્યારે કામરેજ તાલુકાના આખાખોલ ગામ પાસેથી રૂ.૪૦ હજારથી વધુની કિંમતના દારૂ ભરેલી કાર સાથે બે બુટલેગરને પકડી પીડ્યા હતા.

પોલીસ સુત્રો પાસથી પ્રાપ્ત માહિતી મુજબ મળેલી આરઆર સેલના હેકો મહાદેવ કિશનરાવે બાતમી મળી હતીકે, આજે બીલીમોરાના પોંસરીગામ પાસેથી પસાર થતી અંબિકા નદી ના કિનારે હોળીમાં દારૂ આવવાનો છે.

બાતમીના આધારે પોસઈ બી.પી. ચૌધરી અને સ્ટાફે આજે સવારે પોંસરીગામ અંબિકા નદીના કિનારે છાપો મારી એકટીવા મોપેડ પર દારૂ લેવા આવેલા બુટલેગર જીતેશ ઉર્ફે ભંગીયા ઝીણા પટેલ (રહે, પોંસરીગામ) ને ઝડપી પાડી તપાસ કરતા તેની પાસેથી પરપ્રાંતિય બનાવટની દારૂની ૨૪ તથા બીયરની ૩બોટલો મળી આવી હતી. પોલીસે આ દારૂ અને એકટીવા મળી કુલ રૂ.૫૬૮૯૦ની કિંમતનો મુદ્દામાલ કબજે લઈ તેની ધરપકડ કરી હતી.

જ્યારે દમણથી આ દારૂ લાવનાર મુકેશ કોળી પટેલ(રહે નાનીદમણ), અને હોળીમાં આવેલો દારૂ લઈને નાસી છુટેલા બુટલેગર રમેશ હળપતિ (રહે, ઉંચાટગામ), રમીલા પટેલ, અમ્રત પટેલ (રહે, શરીખુર્દગામ અમલસાડ, ગિરીશ (રહે, દેવધાગામ) અને કમુ (રહે, કનેરાગામ જલાલપોર)ને વોન્ટેડ જાહેર કર્યા હતા.

જ્યારે આજે સવારે આરઆર સેલની ટીમે બાતમીના આધારે કામરેજ તાલુકાના આખાખોલગામની સીમમાં નેશનલ હાઈવે નં.૮ ઉપર સુમુલ ડેરી પાસેથી પસાર થતી મારૂતિ ફ્રન્ટી નં.જીજે.૫.એન.૫૬૯૧ને અટકાવી તપાસ કરતા તેમાંથી દમણ બનાવટની દારૂની બોટલ કિંમત રૂ.૪૦,૨૦૦ મળી આવી હતી.

પોલીસે આ દારૂ, કાર અને મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧.૪૬ લાખનો મુદ્દામાલ સાથે બુટલેગર શૈલેષ જયંતિ પટેલ (રહે, ચોર્યાસી ગામ) અને મનોજ ભીખા રાઠોડ (રહે,અઝામાગામ ખાડી ફળીયું)ની ધરપકડ કરી હતી. જ્યારે આ દારૂ મંગાવનાર વિપુલ રણજીત પટેલ (રહે, ચોર્યાસી ગામ)નો વોન્ટેડ જાહેર કર્યો હતો.

શહેરમાં આજકાલ વિવિધ ડેની ઉજવણીનો મોસમ ચાલે છે. આજે વિદ્યાર્થીઓએ સિગ્નેચર ડે ઉજવણી કરી હતી. વિદ્યાર્થીઓએ એકબીજાના ટી-શર્ટ પર મેસેજ સાથે સિગ્નેચર કરીને ક્યાંક પોતાનો અહોભાવ અને સામેની વ્યક્તિ પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો. (તસવીર : પ્રદીપ ગોહિલ)

સૂર્યપુર બેંકમાં ગીરવે મૂકેલો બંગલો વેચી દેનાર જામીનદાર, ખરીદનાર NRI દંપતી સામે ગુનો નોંધાયો

સુરત, તા. ૨૩

સુર્યપુર કો.ઓ. બેંકમાંથી લીધેલી લોનના બદલામાં મોર્ગેજ મુકેલો બંગલો બેંકની જાણ બહાર બારોબાર એનઆરઆઈ પાર્ટીને વેચી દઈ બેંક સાથે છેતરપિંડી કરનાર જશવંત ગગલાણી અને એનઆરઆઈ દંપતિ વિરુદ્ધ કોર્ટમાં ગુનો નોંધાયો હતો.

કેસની વિગત એવી છેકે, રાંદેરરોડ નવયુગ કોલેજ સામે આવેલી કોટયાર્ક નગર સોસા.માં રહેતા રાજેશ નગાનભાઈ ગગલાણીએ સુર્યપુર બેંકમાંથી કરોડોની લોન લીધી હતી. જેના જામીનદાર તેના સગા ભાઈ જશવંત ગગલાણી રહ્યા હતા. તેમણે બેંકમાં બે દુકાનો અને બે બંગલા મોર્ગેજ મુક્યા હતા. તેમણે બેંકની લોન ન ભરતા તેમની પર બેંકની ૧.૭૫ કરોડથી વધુની લેણી રકમ નિકળતા હતી. તા.૧૭-૪-૨૦૦૫ના રોજ રાજેશ ગગલાણીનું અવસાન થયું હતું. બાદમાં જશવંત ગગલાણીએ બેંકની જાણ બહારજ મોર્ગેજ મુકેલો બંગલો બારોબાર લાલદરવાજા મોટા શેરી [illegible] રહેવાસી અને કેનેડામાં સ્થાયી થયેલા અજયસિંહ નટવરસિંહ કોસાડા અને તેમની પત્ની આર્યાને બજાર કિંમત કરતા ઓછી કિંમતમાં વેંચી દિધો હતો.

આ બાબત બેંકની જાણમાં આવતા સુર્યપુર બેંકે વકીલ નરેશ ગોહિલ મારફતે કોર્ટમાં ફરિયાદ કરતા કોર્ટે જશવંત ગગલાણી અને એનઆરઆઈ કોસાડા દંપતિ વિરૂદ્ધ વિશ્વસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધ્યો હતો.

રિક્ષામાં સાથી મુસાફરોના પાકીટ ચોરનાર બે ઝડપાયા

સુરત, તા.૨૨

રીક્ષામાં મુસાફરના સ્વાંગમાં બેસીને અન્ય મુસાફરના ખિસ્સામાંથી રોકડ રકમ સેરવી લેનારા બે જણાંને ક્રાઈમબ્રાંચની ટીમે ઉનગામ સનાબેકરી પાસેથી ઝડપી પાડ્યાં હતા. બંનેના પકડાવાથી બે ગુના ઉકેલાયા છે.

ક્રાઈમ બ્રાંચના હેડ. કોન્સ. દિપસિંહ તથા કોન્સ્ટેબલ સતપાલસિંહને મળેલી બાતમીને આધારે સ્ટાફના માણસોએ ઉનગામ સના બેકરી પાસેથી બે જણાં નવાઝખાન મોહમંદખાન પઠાણ રહે., ઉનગામ તિરૂપતિનગર તથા નાસીરખાન મોહંમદખાન પઠાણ રહે., ભેસ્તાન આવાસ, ભેસ્તાનને એક રીક્ષા સાથે ઝડપી પાડ્યા હતા.

બંને જણાં રીક્ષા લઈને નીકળતાં અને બે પૈકીનો એક પાછળ મુસાફરના સ્વાંગમાં બેસી જતો હતો. અને મુસાફરના ખિસ્સામાંથી રોકડ સેરવી લેતાં હતા.

છ મહિના પહેલાં ઉધના બાટલી બોય સર્કલ પાસેથી એક મુસાફરના ખિસ્સામાંથી રોકડ રૂ.૩૦ હજાર તથા પાંચ મહિના અગાઉ આર.ટી.ઓ. પાસેથી એક પેસેન્જરના ખિસ્સામાંથી રૂપિયા ૫૭ હજારની મત્તા સેરવી લીધી હોવાનુ બંને એ ક્રાઈમબ્રાંચ સમક્ષ કબુલ્યું છે.

દિલ્હીમાં સામૂહિક બળાત્કાર વિરૂધ્ધ રેલીનુ આયોજન

સુરત, તા. ૨૨

દિલ્હીમાં યુવતી પર થયેલા સામૂહિક બળાત્કારના વિરોધમાં બળાત્કારના આરોપીઓને ફાસીની સજા થાય અને બળાત્કારીઓ વિરૂધ્ધ કડક સજાની જોગવાઈ કરવામાં આવે તે માટે આઆવતીકાલે સાંજે ૪ વાગે કારગીલ ચોક પીપલોદથી અઠવાગેટ સુધી એક જનજાગૃતી રેલીનું આયોજન પીપલ ફોર પીપલ નામની સંસ્થા કરવામાં આવ્યુ છે. જેમા આમ જનતા પણ હાજર રહે તેવી અપીલ કરવામાં આવી છે.

મહેસાણાના હૈદરીચોકમાં દારૂ પીધેલો પોલીસ ૩ વાહનોને ટક્કર મારી નાસી ગયો

મહેસાણા, તા. ૨૨

મહેસાણા હૈદરીચોક વિસ્તારમાં શુક્રવારે રાત્રે ૧૦-૧૫ વાગે દારૂ પીધેલી હાલતમાં ગાડીચાલકે બે બાઈક અને આઈ-૨૦ ગાડીને અડફેટે લઈ અકસ્માત સર્જતાં નાસભાગ મચી ગઈ હતી. આ સમયે ઉશ્કેરાયેલા ટોળાથી હૈદરીચોકમાં રાત્રે હીટ એન્ડ રન સર્જનાર વાહન. જે મૂકી ચાલક નાસી ગયો હતો. શહેરના હૈદરીચોકથી અરવિંદ બાગ તરફ દારૂ પીધેલી હાલતમાં શુક્રવારે રાત્રે ૧૦-૧૫ વાગે પુરઝડપે જઈ રહેલી જીજે ૨ કે ૧૦ ૮૬ નંબરની ગાડીના ચાલકે આગળ જઈ રહેલા બાઈકને ધડાકાભેર ટક્કર મારી હતી. ત્યાર બાદ આગળ જઈ રહેલી જીજે ૨ એપી ૧૭૨ નંબરની આઈ-૨૦ ગાડીને પણ ટક્કર મારતાં ઘટનાસ્થળે ટોળું એકત્રિત થઈ ગયું હતુ. એક સાથે ત્રણ વાહનોને અડફેટે લઈ હિટ એન્ડ રન સર્જનાર ગાડીચાલક ટોળાનો રોષ જોઈ અન્યના બાઈક પર બેસી નાસી ગયો હતો. ઘટનાસ્થળે હાજર લોકોના કહેવા મુજબ, દારૂ પીને અકસ્માત સર્જનાર પોલીસકર્મી હતો અને તે મહેસાણા તાલુકા પોલીસની ગાડી ચલાવે છે. ત્યારે અકસ્માતનો ભોગ બનેલી ગાડીના ચાલકે ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે.

એકમત ગુજરાત બની ભાજપ સરકાર
જાહેર આભાર
દિવ્ય ગુજરાતનાં સ્વપ્ન દ્રષ્ટા
મા. શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં નેતૃત્વમાં ભાજપ સરકારનાં
વિકાસ કાર્યમાં વિશ્વાસ દર્શાવી ૧૫૯-સુરત પૂર્વ વિધાનસભા બેઠકનાં ભાજપનાં
નિષ્ઠાવાન સમાજસેવક શ્રી રણજીતભાઈ ગીલીટવાલા (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)ને
જંગી બહુમતીથી વિજયી બનાવવા બદલ સર્વે મતદારો, ભાજપનાં કાર્યકરો,
વિવિધ ઉદ્યોગનાં અગ્રણીઓ, સામાજીક સંગઠનો તથા જાણ્યા અજાણ્યા
શુભેચ્છકોના મળેલા સાથ સહકાર બદલ ખૂબ ખૂબ આભાર
પ્રવિણ નાયક - ચૂંટણી સંયોજક
શંકર ચેવલી - ચૂંટણી કન્વીનર   દિપક અકીકાવાલા - ચૂંટણી એજન્ટ
ચૂંટણી સહકન્વીનરો
નરેન્દ્ર ગાંધી   અરવિંદ રાણા   રણજીત ચીમના
૧૫૯ - સુરત પૂર્વ વિધાનસભા ભાજપ પરિવાર

૧૬૮-ચોર્યાસી વિધાનસભા મતક્ષેત્ર
જાહેર આભાર
ઋણ સ્વીકાર
હાલમાં યોજાયેલ ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ૧૬૮-ચોર્યાસી વિધાનસભા મતક્ષેત્રમાંથી આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની વણથંભી વિકાસયાત્રામાં સહભાગી બનાવવા માટે શ્રી રાજેન્દ્રભાઈ પી. પટેલ (કુમસ)ને ૬૭,૬૩૬ મતોની જંગી લીડથી વિજય બનાવવા બદલ તમામ કોમ-જ્ઞાતિનાં મતદાર ભાઈઓ-બહેનો, સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્રનાં મતદારો, સંગઠનનાં સંનિષ્ઠ કાર્યકરો, પદાધિકારીઓ, સહકારી, સામાજિક, શૈક્ષણિક સંસ્થાઓના અગ્રણીઓ, વેપારી બંધુઓ, શુભેચ્છકો તેમજ નામી-અનામી તમામનો હૃદયપૂર્વક આભાર.
લિ. શ્રી રાજેન્દ્રભાઈ પી. પટેલ
(રાજા-કુમસ)
ધારાસભ્ય, ૧૬૮-ચોર્યાસી વિધાનસભા મતક્ષેત્ર
શ્રી બળવંતભાઈ એલ. પટેલ (સોરટર)
(મુખ્ય ચૂંટણી કન્વીનર) ૧૬૮-ચોર્યાસી વિધાનસભા મતક્ષેત્ર
તથા ૧૬૮-ચોર્યાસી વિધાનસભા મતક્ષેત્રનાં સમસ્ત ભાજપ પરિવાર